# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-04-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ભુજની વેટરનરી કોલેજને LOP એનાયત :

કચ્છના શૈક્ષણિક અને પશુપાલન ક્ષેત્રે એક ઐતિહાસિક સિદ્ધિ ઉમેરાઈ છે. ભુજ ખાતે કાર્યરત કામધેનુ યુનિવર્સિટી સંચાલિત વેટરનરી કોલેજને ભારત સરકાર દ્વારા સત્તાવાર 'લેટર ઓફ પરમિશન' એનાયત કરવામાં આવી છે. આ મંજૂરી મળતા હવે દર વર્ષે 80 વિદ્યાર્થીઓ NEET ના મેરિટના આધારે પશુચિકિત્સા વિજ્ઞાન અને પશુપાલનના ડિગ્રી કોર્સમાં પ્રવેશ મેળવી શકશે.

વેટરનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિરીક્ષણ બાદ આ માન્યતા મળી છે. કોલેજમાં ડાયગ્નોસ્ટિક રેડિયોગ્રાફી અને અલ્ટ્રાસોનોગ્રાફી જેવી આધુનિક ટેકનોલોજીથી અત્યાર સુધી 4,000થી વધુ પશુઓની સારવાર કરવામાં આવી છે. આ નિર્ણયથી જિલ્લાના વિદ્યાર્થીઓને ઘર આંગણે ઉચ્ચ અભ્યાસની તક મળશે અને પશુપાલકોને વૈજ્ઞાનિક માર્ગદર્શન પ્રાપ્ત થશે.

--------------------------------------------------------------------------------

## આદિપુર – રામબાગ હોસ્પિટલ :

આદિપુરની સરકારી રામબાગ હોસ્પિટલમાં નિષ્ણાત તબીબોની નિમણૂક થતાં સ્વાસ્થ્ય સેવાઓમાં નોંધપાત્ર સુધારો થયો છે. વર્ષ 2025-26ના આંકડા મુજબ, ઓપીડીમાં 48,000ના વધારા સાથે કુલ સંખ્યા 2.28 લાખ પર પહોંચી છે. ઇન્ડોર દર્દીઓ અને ઓપરેશનોની સંખ્યામાં પણ મોટો વધારો નોંધાયો છે.

જિલ્લા કક્ષાની હોસ્પિટલનો દરજ્જો મળ્યા બાદ, અહીં 2.26 લાખથી વધુ લેબ ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેનાથી ગરીબ દર્દીઓને ભુજ સુધીના ધક્કા અને ખાનગી લેબોરેટરીના

ખર્ચમાંથી મુક્તિ મળી છે. હાલમાં પીડિયાટ્રિક અને ક્રિટિકલ કેર સેન્ટરનું નિર્માણ કાર્ય પ્રગતિમાં છે, જે ટૂંક સમયમાં કાર્યરત થતાં દર્દીઓને વધુ અત્યાધુનિક સારવાર ઘરઆંગણે મળી રહેશે.

---

## વરસાદની આગાહી :

રાજ્યમાં હાલ કાળઝાળ ગરમીનો પ્રભાવ જોવા મળી રહ્યો છે, તે વચ્ચે આગામી દિવસોમાં રાજ્યના કેટલાક વિસ્તારમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને રાજસ્થાન પર સર્જાયેલા ચક્રવાતી પરિભ્રમણને કારણે આગામી દિવસોમાં હવામાનમાં ફેરફાર આવી શકે છે.

આવતીકાલે રાજ્યમાં વાતાવરણ શુષ્ક રહેશે, પરંતુ 19થી 21 એપ્રિલ દરમિયાન સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતના વિવિધ ભાગોમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલ રાજ્યમાં ગરમીનો પ્રકોપ યથાવત છે. 41.9 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજકોટ આજે રાજ્યનું સૌથી ગરમ શહેર તરીકે નોંધાયું છે.

---

## સરગવાની ખેતી તરફ ખેડૂતો વળ્યા :

ભુજ તાલુકાના કોટડા ચકાર, ભુજોડી અને માધાપર જેવા ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતો પરંપરાગત ખેતી છોડી સરગવાની ખેતી તરફ વળ્યા છે. રેતાળ અને ગોરાડુ જમીનમાં અનુકૂળ એવા આ પાકમાં ઓછી મહેનત અને ઓછા ખર્ચે એકરે 15થી 20 ટન જેટલું મબલખ ઉત્પાદન મળી રહ્યું છે.

ખેડૂતો રાસાયણિક ખાતરને બદલે ગૌમૂત્ર અને જીવામૃત જેવી જૈવિક પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. આયુર્વેદિક મહત્વ અને દાળ-શાકમાં તેની ભારે માંગને કારણે બજારમાં ઊંચા ભાવ મળે છે. કૃષિ નિષ્ણાતોના મતે, યોગ્ય માર્ગદર્શન અને માવજત સાથે સરગવાની ખેતી ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારવા માટે એક શ્રેષ્ઠ અને નફાકારક વિકલ્પ સાબિત થઈ રહી છે.

---

## અંજારમાં મહિલાઓ માટે કાર્યક્રમ :

કચ્છ મહિલા વિકાસ સંગઠન અને અંજાર વિકાસ અભિયાન દ્વારા અંજાર ખાતે આર્થિક નબળા વિસ્તારની મહિલાઓ માટે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ૨૦૦થી વધુ મહિલાઓ અને દીકરીઓ જોડાઈ હતી. આ અવસરે વિવિધ સરકારી વિભાગો દ્વારા સ્ટોલ લગાવી સાયબર ક્રાઈમ, આરોગ્ય અને કલ્યાણકારી યોજનાઓનું માર્ગદર્શન અપાયું હતું.

મહિલાઓએ નાટક અને ગીતો દ્વારા પોતાની પરિસ્થિતિ રજૂ કરી હતી તથા વક્તાઓએ મહિલા સશક્તિકરણનું મહત્વ સમજાવ્યું હતું. અર્બન હેલ્થ સેન્ટર દ્વારા મેડિકલ ચેકઅપ પણ કરાયું હતું. સંગઠિત થઈને મહિલાઓ પોતાના પ્રશ્નો અને વિકાસ માટે આગળ વધે તેવા હેતુ સાથે આ મજબૂત પાયો નાખવામાં આવ્યો હતો.

---

## PGVCL દ્વારા સુરક્ષા સેમીનાર :

PGVCL દ્વારા ભચાઉ, સામખિયાળી, રાપર સહિતના સબ ડિવિઝનના લાઈન સ્ટાફ માટે સુરક્ષા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યપાલક ઈજનેર શ્રી ચૌહાણના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સલામતીના સાધનોનો ઉપયોગ અને શિસ્તબદ્ધ કામગીરી પર ભાર મૂકાયો હતો.

આર્ટ ઓફ લિવિંગ દ્વારા તણાવમુક્ત રહી અકસ્માતો નિવારવા અંગે માર્ગદર્શન અપાયું હતું. જ્યારે ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટર રાહુલ રાજદે દ્વારા તપાસ દરમિયાન નોંધાયેલા મુદ્દાઓ ચર્ચી સાવચેતી રાખવા અનુરોધ કરાયો હતો. આ સેમિનારમાં વિવિધ વિભાગના અધિકારીઓ અને જૂનિયર એન્જિનીયરો ઉપસ્થિત રહ્યા હતા.

---

## જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખનું અવસાન :

કચ્છ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને ગુજરાત પંચાયત પરિષદના ઉપાધ્યક્ષ જીવાભાઈ આહિરનું આજે અંજાર તાલુકાના રતનાલ ખાતે અવસાન થયું છે. સામાજિક અને જાહેર જીવનમાં જીવા શેઠના નામે જાણીતા જીવાભાઈ 1996થી પંચાયત ક્ષેત્રે પ્રવૃત હતા. 2005થી 2010 સુધી જિલ્લા પંચાયતના પ્રમુખપદે રહ્યા હતા. તેઓ ભારતીય જનતા પાર્ટીના અગ્રણી હતા અને અનેક મહત્વના પદ સંભાળ્યા હતા. વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ તેમને ભાવસભર અંજલિ આપી હતી.

---

## RTE પ્રવેશ પ્રક્રિયા :

વર્ષ 2026-27માટે RTE હેઠળ ખાનગી શાળાઓમાં નિ:શુલ્ક પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન ફોર્મ ભરવાનો આજે અંતિમ દિવસ છે. કચ્છ જિલ્લામાંથી અત્યાર સુધીમાં કુલ 5258 ફોર્મ ભરાયા છે,જેમાંથી 527 ફોર્મ રિજેક્ટ થયા છે. રિજેક્ટ થયેલા ફોર્મમાં સુધારા-વધારા કરવા માટે 23મી થી 25મી એપ્રિલ સુધીનો સમય આપવામાં આવશે.

---